# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૦ તા.૩૧-૦૮-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪-૨૫ ના આયોજન બાબત.

સંદર્ભ :- ૧. ક્રમાંક : જશભ/વિજ્ઞાન-ગણિત એકમ/ ૨૦૨૪/૧૩૯૬-૧૪૦૦ તા.૨૪-૦૭-૨૦૨૪

૨. ક્રમાંક : જશભ/વિજ્ઞાન-ગણિત એકમ/ ૨૦૨૪/૧૪૩૮-૧૪૪૩ તા.૨૯-૦૭-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪-૨૫ નું આયોજન કરવાનું થાય છે. કોર્પોરેશન વિસ્તારના તમામ સીઆરસી કક્ષાના તેમજ યુઆરસી કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪-૨૫ નીચે દર્શાવેલ તારીખે કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | કક્ષા | સમયગાળો |
|---|---|---|
| ૧ | સીઆરસી કક્ષા | ૧૨ સપ્ટેમ્બર-૨૦૨૪- ઉત્તર ઝોન અને પૂર્વ ઝોન<br>૧૩ સપ્ટેમ્બર-૨૦૨૪- દક્ષિણ ઝોન અને પશ્ચિમ ઝોન |
| ૨ | યુઆરસી કક્ષા | ૨૬ સપ્ટેમ્બર-૨૦૨૪ |

પ્રદર્શનનો મુખ્ય થીમ અને પેટા વિષયો એનસીઈઆરટી,દિલ્હી દ્વારા નીચે દર્શાવ્યા મુજબ આપવામાં આવેલ છે.

મુખ્ય વિષય :- ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી

પેટા વિષય :- ૧. ખોરાક, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા

૨. પરિવહન અને પ્રત્યાયન

૩. નૈસર્ગિક ખેતી

૪. ગાણિતિક નમૂના અને ગણનાત્મક ચિંતન

૫-એ. આપત્તિ વ્યવસ્થાપન

૫-બી. કચરાનું વ્યવસ્થાપન- સાધન સામગ્રી વ્યવસ્થાપન

એક દિવસીય સેમિનારનો વિષય :- ટકાઉ ભવિષ્ય તથા સ્વાસ્થ્ય માટે આખુ ધાન

(Millets for Sustainable Future and Health)

સીઆરસી કક્ષાના પ્રદર્શન માટેના સ્થળની જે-તે સીઆરસી કો.ઓર્ડિનેટર દ્વારા જાણ કરવામાં આવશે અને યુઆરસી કક્ષાના પ્રદર્શન માટેના સ્થળની જાણ યુ.આર.સી.કો.ઓર્ડિનેટર દ્વારા કરવામાં આવશે અને માર્ગદર્શિકા હવે પછી મોકલી આપવામાં આવશે.

બિડાણ :- સંદર્ભિત પત્રો

તા.૩૧-૦૮-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃજશભ/વિજ્ઞાન-ગણિતએકમ/2024/1396-1400
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા ચોકડી પાસે, ગોતા ઓગણજ રોડ, અમદાવાદ
ઇ-મેઇલઃ dietahmedabadcity@gmail.com
Web : www.dietahmdcity.org

તારીખઃ 24/7/2024

પ્રાચાર્ય

---

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (શહેર)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

**વિષયઃ- બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન 2024-25 ના આયોજન બાબત..**

**સંદર્ભ - જીસીઇઆરટીના પત્રક્રમાંક- જીસીઇઆરટી-વિજ્ઞાન-15535-565, તા. 22/7/2024**

**મહાશય,**

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે NCERT, New Delhiના તા. 16/7/2024ના પત્ર અન્વયે વર્ષ 2024-25 દરમિયાન બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન જીસીઇઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ કરવાનું થાય છે. NCERT, New Delhi દ્વારા આ પ્રદર્શનનો મુખ્ય થીમ અને પેટા વિષયો આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

Main Theme- Science and Technology for Sustainable Future
મુખ્ય વિષય- ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી

**Sub theme –**

| | |
|---|---|
| 1. Food, Health and Hygiene | ૧. ખોરાક, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા |
| 2. Transport and Communication | ૨. પરિવહન અને પ્રત્યાયન |
| 3. Natural Farming | ૩. નૈસર્ગિક ખેતી |
| 4. Mathematical Modelling and Computational Thinking | ૪. ગાણિતિક નમૂના અને ગણનાત્મક ચિંતન |
| 5. A. Disaster Management | ૫. A. આપત્તિ વ્યવસ્થાપન |
| 5. B. Waste Management-Resource Management | ૫. B. કચરાનું વ્યવસ્થાપન- સાધન-સામગ્રી વ્યવસ્થાપન |

<u>Topic for one day Seminar</u>

**ટકાઉ ભવિષ્ય તથા સ્વાસ્થ્ય માટે આખું ધાન ( Millets for Sustainable future and Health)**

<u>આથી આપની કક્ષાએથી આપના એસવીએસ, તાલુકા અને ઝોનની તમામ શાળાઓને **બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન** 2024-25 ના મુખ્ય વિષય અને પેટા વિષયોની જાણ કરવા વિનંતી છે.</u> જેથી વિષયો અનુરૂપ વિદ્યાર્થીઓ દ્વારા મોડેલ તૈયાર કરવાની શરૂઆત થઇ શકે.. મોડેલ તૈયાર કરવાની વિગતવાર માર્ગદર્શિકા જીસીઇઆરટી તરફથી મળેથી તાત્કાલિક આપને મોકલવામાં આવશે.

<u>*સહકારની અપેક્ષા સહ,*</u>

<u>*આભાર...*</u>

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ (શહેર)

**નકલ સવિનય રવાના-**

- નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર - સચિવશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર

ક્રમાંકઃજશભ/વિજ્ઞાન-ગણિતએકમ/2024/1438-1443
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા ચોકડી પાસે, ગોતા ઓગણજ રોડ, અમદાવાદ
ફોન / ફેક્સઃ (૦૭૯) ૨૯૭૯૬૭૫૫
ઇ-મેઇલઃ diet-urban-ahd@gujarat.gov.in
Web : www.dietahmdcity.org
તારીખઃ 29/07/2024

सत्य मेव जयते
Govt. of Gujarat
પ્રાચાર્ય

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

---

પ્રતિ,
શાસનાધિકારીશ્રી
શાસનાધિકારીશ્રીની કચેરી
અમદાવાદ

**વિષયઃ**- બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન 2024-25 ના આયોજન બાબત...
**સંદર્ભઃ**- જીસીઇઆરટીના પત્રક્રમાંક- જીસીઇઆરટી- Science-15828-57, તા.25-7-2024

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જીસીઇઆરટી, ગાંધીનગરના તા.23-7-2024 ના પત્ર સંદર્ભે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન 2024-25 નું આયોજન કરવાનું થાય છે. આપણા કોર્પોરેશન વિસ્તારના તમામ સીઆરસી કક્ષાના તેમજ યુઆરસી કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનોનું આયોજન નીચેની તારીખો દરમિયાન કરવાનું થાય છે.

| ક્રમ | કક્ષા | સમયગાળો |
|---|---|---|
| ૧ | સીઆરસી કક્ષા | 10-16 સપ્ટેમ્બર 2024 |
| ૨ | યુઆરસી કક્ષા | 25-30 સપ્ટેમ્બર 2024 |

અગાઉ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન 2024-25 ના મુખ્ય વિષય અને પેટા વિષયોની જાણ અત્રેથી કરવામાં આવેલ છે. વિગતવાર માર્ગદર્શિકા મળેથી આપને મોકલવામાં આવશે.

ઉપરોક્ત સમયગાળા મુજબ સીઆરસી તથા યુઆરસી કક્ષાએથી આયોજન થાય તે મુજબના આદેશ થવા વિનંતી છે.

*આભાર*

પ્રાચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
અમદાવાદ (શહેર)

<u>નકલ સવિનય રવાના જાણ સારૂઃ-</u>
માન. સચિવશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર.
<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂંઃ-</u>
યુઆરસી કો.ઓ.શ્રી, ઉત્તર ઝોન, દક્ષિણ ઝોન, પૂર્વ ઝોન, પશ્ચિમ ઝોન, અમદાવાદ